**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૨/૦૨/૨૦૧૬ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી ૫૫ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને એક સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૬,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૪/૧૬**

**ખોખરાઃ** રંજનબહેન ભુપેન્દ્રભાઈ યાદવ (રહે.ડુંગરજીની ચાલી ધર્મજીવન ફ્લેટની બાજુમાં બાલભવન પાસે ખોખરા) એ તા.૧/૨/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પોતાનો પુત્ર સાગર (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી ડી એમ ચૌહાણ ચલાવે છે.

**નરોડાઃ** ક્રિષ્ણામુરારી સુરેન્દ્રરાય રાય (રહે.અક્ષરધામ રેસીડન્સી નિકોલ રોડ દેવસ્ય સ્કૂલ પાસે નરોડા) એ તા.૧/૨/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્ર સાર્થક (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી આર બી રાણા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૫/૧૬**

**ચાંદખેડાઃ** પ્રિયમ શ્રેણીકભાઈ શાહ (રહે.બંગલા નંબર-૬ વૈભવી બંગલોઝ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૩૧/૧/૧૬ બપોરના ૪/૩૦ વાગે ચાંદખેડા વિઠ્ઠલ મોલ પાર્કિંગમાં પોતાની ફોક્સ વેગન વેન્ટો કાર નંબર જીજે ૧ કેક્યુ ૬૩૫૭ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રિયમ શાહે તા.૧/૨/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી કે કે દેસાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૬/૧૬**

**ઓઢવઃ** શીતલબહેન મહેન્દ્રભાઈ આર્ય (ઉ.વ.૧૫) (રહે.નિલકંઠ પાર્ક ઓઢવ) તા.૩૦/૧/૧૬ નારોજ પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે પ્રાયમસમાં ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧/૨/૧૬ નારોજ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી એ એન સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)